facebook.com/WesternRly

**સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ**

**મહાનગર સેવા સદન**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**Azadi Ka Amrit Mahotsav**

## જાહેર નોટિસ

## સીંગલ યુઝ પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ભારત સરકારનાં પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલય દ્વારા તા. ૧૨.૦૮.૨૦૨૧ ના નોટિફીકેશનથી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો - ૨૦૧૬નાં નોટીફિકેશનમાં સુધારા કરેલ છે જે મુજબથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જનરલ બોર્ડ ઠરાવ નં. ૩૧૩, તા. ૨૬.૧૧.૨૦૨૧ થી મળેલ મંજુરીથી અમદાવાદ શહેર વિસ્તારમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં વેચાણ, ઉપયોગ, સંગ્રહ અને ઉત્પાદન પર નીચે મુજબથી જણાવ્યા અનુસાર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

The manufacture, import, stocking, distribution, sale and use of following single use plastic, including polystyrene and expanded polystyrene, commodities shall be prohibited with effect from the 1st July, 2022:-

a) Ear buds with plastic sticks, plastic sticks for balloons, plastic flags, candy sticks, ice-cream sticks, polystyrene [Thermocol] for decoration;

b) Plates, cups, glasses, cutlery such as forks, spoons, knives, straw, trays, wrapping or packing films around sweet boxes, invitation cards, and cigarette packets, plastic or PVC banners less than 100 micron, stirrers.

આ સુધારો અ.મ્યુ.કો. દ્વારા બહાર પાડેલ Plastic Waste Management by laws for Ahmedabad Municipal Corporation માં પણ લાગુ પાડવામાં આવે છે.

સદર જાહેર નોટિસથી અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ પાર્ટી-પ્લોટો, કોમ્યુનિટી હોલ, હોટલો - રેસ્ટોરન્ટો, જાહેર સ્થળો, પર્યટન સ્થળો બાગ-બગીચાઓ, ધાર્મિક સ્થળો, શાળાઓ - કોલેજો, કોમર્શિયલ એકમો - કોમ્પ્લેક્ષો, મોલ, સિનેમા હોલ, હોસ્પિટલો, સરકારી કચેરીઓ - મિલકતો, પ્રાઈવેટ ઓફિસો, માર્કેટો સહિત અન્ય તમામ જગ્યાઓ પર સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં વેચાણ, ઉપયોગ, સંગ્રહ કે ઉત્પાદન કરવામાં આવતું હોય તે પ્રતિબંધ કરવામાં આવે છે.

વધુમાં સામાજીક મેળાવડાઓ, ધાર્મિક કાર્યક્રમો, તહેવારો, લગ્ન પ્રસંગો, જાહેર મિટીંગો, સહિત અન્ય તમામ કાર્યક્રમોમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનાં વેચાણ, ઉપયોગ, સંગ્રહને પ્રતિબંધ કરવામાં આવે છે.

આ હુકમનું પાલન નહીં કરનાર એકમો સામે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ તેમજ અ.મ્યુ.કો. નાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ, જી.પી.એમ.સી. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

Note: All other changes as per Notification G.S.R. 571(E) published in the Gazette of India: Extraordinary by Ministry of Environment, Forest and Climate Change dated 12th August, 2021 shall be applicable within the limits of Ahmedabad Municipal Corporation.

હુકમથી /-
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન

## સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ

**મહાનગર સેવા સદન**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

Azadi Ka Amrit Mahotsav

# જાહેર નોટિસ

## પ્રતિબંધિત પ્લાસ્ટીક અંગે

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જી.પી.એમ.સી. એક્ટ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ ને ધ્યાને રાખી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વિવિધ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. ભારત સરકારનાં પર્યાવરણ, વન અને ક્લાઈમેટ ચેન્જ મંત્રાલય દ્વારા તા. ૧૨/૦૮/૨૦૨૧ ના નોટીફીકેશનથી પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો – ૨૦૧૬ નાં નોટીફીકેશનમાં સુધારા કરેલ છે જે મુજબથી

Carry bag made of virgin or recycled plastic, shall not be less than seventy five (75) microns in thickness with effective from 30th September, 2021 and one hundred and twenty (120) microns in thickness with effect from the 31st December, 2022.

Non woven carry bag shall not be less than 60 Grams Per Square Meter (GSM) with effect from 30th September, 2021.

આ સુધારો અ.મ્યુ.કો. દ્વારા બહાર પાડેલ Plastic Waste Management by laws for Ahmedabad Municipal Corporation માં પણ લાગુ પાડવામાં આવે છે.

આ હુકમનું પાલન નહી કરનાર એકમો સામે પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ તેમજ અ.મ્યુ.કો. નાં પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ બાયલોઝ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

Note: All other changes as per Notification G.S.R. 571(E) published in The Gazette of India: Extraordinary by Ministry of Environment, Forest and Climate Change dated 12th August, 2021 shall be applicable within the limits of Ahmedabad Municipal Corporation.

હુકમથી/-

મ્યુનિસિપલ કમિશનર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન